

# GLFમાં સાહિત્યીક સટાસટી: 'સરસ્વતીચંદ્ર', સંજય અને 'દેવદાસ' અડફેટે આવી ગયા

**લિટરેચર ફેસ્ટમાં 'ફિલ્મ એ નવું સાહિત્ય છે' એ વિષય પર ડિબેટ યોજાઈ. લોર્ડ મેઘનાદ દેસાઈ, ફિલ્મ રાઈટર અંજુમ રજબઅલી અને પ્રો. રીટા કોઠારીના આ સેશનમાં મેઘનાદ દેસાઈએ સંજય લીલા ભણસાલીની 'દેવદાસ'ની આકરી ઝાટકણી કાઢી હતી. તેમણે ગોવર્ધનરામ ત્રિપાઠીની નોવેલ 'સરસ્વતીચંદ્ર' વિશે કહ્યું કે, 'તીસરે ઓર ચોથે ખંડ નીક્કમે હૈ.' જેના પગલે નીચે શ્રોતાઓમાં બેઠેલા કવિ ચીનુ મોદી અને સાહિત્યકાર રઘુવીર ચૌધરી અકળાયા ને સાહિત્યીક સટાસટી બોલી ગઈ.**

તુષાર દવે @ahm_cb

અંજુમ રજબઅલી નવલકથાનું જ્યારે ફિલ્મ માટે એડોપ્શન થાય ત્યારે શું થાય એ વિષય પર વાત કરી રહ્યા હતા. તેમણે કહ્યું, 'સાહિત્યમાં તમે બે કલાક બાલ્કનીમાં ઉભી રહીને વિચારતી સ્ત્રી બતાવી શકો પણ એ જ કથાનું જ્યારે સિનેમા માટે એડોપ્શન કરો ત્યારે એને બે કલાક ઉભી ન રાખી શકાય. એ સિનેમાની મર્યાદા છે. જેના કારણે હવે તો એડોપ્શનના એગ્રીમેન્ટમાં સ્પષ્ટ લખાય છે કે, એ કથા પર પછી મૂળ ઓથરનો કોઈ અધિકાર નહીં હોય. સ્ક્રિપ્ટ રાઈટર એ કથાની જેમ વર્ણવવી હોય તેમ વર્ણવી શકે છે.'

તેમની વાત સાંભળી નીચે પ્રથમ રોમાં બેઠેલા કવિ ચીનુ મોદી સંજય લીલા ભણસાલીએ બનાવેલી 'સરરસ્વતીચંદ્ર' સિરિયલના રેફરન્સમાં બોલી ઉઠ્યા કે, 'તમે સરસ્વતીચંદ્રનો કાળ બદલી શકો પણ એના પાત્રો કેવી રીતે બદલી શકો 'ગુમાન'નું તો પાત્ર સાવ કેવું બતાવ્યુ છે. વેમ્પ બતાવી છે. ગુમાનને વેમ્પ બતાવવી અનૈતિક છે. જો આવું જ બતાવવું હોય તો નામ 'સરરસ્વતીચંદ્ર' શા માટે આપો છો?

ચીનુ મોદીને જવાબ વાળતા અંજુમ રજબઅલીએ ઈન્ડિયન કોપી રાઈટ એક્ટ ટાંકીને કહ્યું કે, 'કોઈપણ ઓથરના મૃત્યુ બાદ 60 વર્ષ સુધી તેના પર તેના અધિકાર રહે છે. પછી એ પબ્લિક ડોમેઈનમાં હોય છે કોઈપણ તેની સાથે કંઈપણ કરી શકે છે.'

જેની સામે ઓડિયન્સની પ્રથમ રો જેમાં ચીનુ મોદી, રઘુવીર ચૌધરી અને વિષ્ણુ પંડ્યા બેઠા હતા ત્યાંથી અવાજ આવ્યો કે, 'પણ ગુજરાતની યુગ પ્રવર્તક નોવેલ સાથે આવું કેવી રીતે કરી શકાય?'

અંજુમ રજબઅલીએ કહ્યું, 'પણ આની સામે તમે કરી શું શકો? કાયદો એની છૂટ આપે છે.'

મૂર્ધન્ય સાહિત્યકારોનો પુણ્યપ્રકોપ ખાળવા મંચસ્થ લોર્ડ મેઘનાદ દેસાઈએ પણ અંજુમ રજબઅલીના સૂરમાં સૂર પૂરાવ્યો કે, 'આમા કંઈ ન થઈ શકે. સંજયે દેવદાસનું ખૂન કરી નાખ્યું, હું શું કરું?'

અહીં રઘુવીર ચૌધરીએ ચર્ચામાં જંપલાવતા કહ્યું કે, 'તમે 'સરરસ્વતીચંદ્ર' વિશે જે કહ્યું કે તીસરે ઓર ચોથે ખંડ નીકમ્મે હૈ. એ પણ મને નથી ગમ્યું. તમારી ઉંમર હજૂ વધે અને તમે એ બે ખંડ વાંચો એવી પ્રાર્થના.'

લોર્ડ મેઘનાદ દેસાઈ: બંન્ને ભાગ મેં વાંચ્યા છે. ચોથા ભાગમાં તો લેખકને બોધ આપવાની એટલી બધી ઈચ્છા થઈ ગઈ કે નોવેલ બોરિંગ થઈ ગઈ.

રઘુવીર ચૌધરી: તો ઉમાશંકર જોશીને વાંચો. એમણે એના વિશે ('સરરસ્વતીચંદ્ર' વિશે) જે લખ્યું છે એ પણ તમે વાંચો, ઈશ્વર તમને લાંબી ઉંમર આપે અને સદગતી આપે.

લોર્ડ મેઘનાદ દેસાઈ: એ વાંચવાથી તો આયુષ્ય ઓર ઘટી જશે.

બંન્ને દિગ્ગજો વચ્ચે સામસામી જામેલી આ કવ્વાલીના પગલે એન્કર આર.જે. દેવકી અને અંજુમ રજબઅલીએ વાતને માંડ વાળી ત્યાં શ્રોતામાં બેઠેલા ઓમાનથી આવેલા સ્નેહલબેન પંડ્યા ઉભા થયા. તેમણે લોર્ડ મેઘનાદ દેસાઈને કહ્યું કે, 'હું ઓમાનથી આવું છું. અને સંજય લીલા ભણસાલીની બહુ મોટી ફેન છું. તમે એમની ફિલ્મ 'દેવદાસ' વિશે જે કહ્યું એ મને નથી ગમ્યું. તેઓ મનોરંજન માટે ફિલ્મો બનાવે છે.'

બીજી તરફ શ્રોતાઓમાં પણ ગણગણાટ શરૂ થઈ ગયો હતો. સંજય લીલા ભણસાલી તરફી અને વિરોધી બે જૂથ શ્રોતાઓમાં પણ પડી ગયા હોવાનું સ્પષ્ટ જોઈ શકાતુ હતું. આવી દલિલબાજી અને સાહિત્યની સટાસટી સાથે સેશનનો અંત આવ્યો હતો અને ભણસાલીના સર્જન અંગે ચર્ચાઓનો દૌર શરૂ થયો હતો